# રસ્તામાં ઉડતી નોટો વીણીને મૂળ માલિકને પરત કરતી ટ્રાફિક પોલીસ

**કોબા સર્કલ પાસે નરોડાના રહીશના પડી ગયેલસ પર્સમાંથી અગત્યના કાગળો સાથે ચલણી નોટો રોડ પર ઉડી : ટ્રાફિક પોલીસે વાહનો થંભાવી નાણાં-કાગળો એકત્ર કરી મૂળ માલિકને પરત કરી 'પોલીસ પ્રજાની મિત્ર' સૂત્રને સાર્થક કર્યું**

ગાંધીનગર, તા. ૧૬

'પોલીસ પ્રજાની મિત્ર' સૂત્રને ગાંધીનગર ટ્રાફિક પોલીસે સાર્થક કરતું કામ કર્યુ હતું. અમદાવાદના નરોડા ખાતે રહેતા એક નાગરિકનું



૧૩હજાર રોકડાં રૂપિયા તેમજ અગત્યના કાગળો ભરેલું પર્સ ગઈકાલે રાત્રે કોબા સર્કલ પાસે પડી જવા પામ્યું હતુ. આ પર્સમાંથી અગત્યના કાગળો સાથે ચલણી નોટો રોડ પર ઉડવા લાગી હતી જ્યારે તેના માલિકને તો ખબર જ નહોતી. આ સમયે ટ્રાફિક પોલીસે ઈમાનદારી અને કર્તવ્ય નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને ટ્રાફિક અટકાવી ઉડી રહેલાં નાણાં એકત્ર કરી તેના મૂળ માલિકનો સંપર્ક સાધી તેમને પર્સ પરત કર્યું હતું. જોકે પર્સમાં રહેલા રૂ.૧૩ હજાર પૈકી રૂ.૭હજાર તો હવાને કારણે ઉડી ગયા હતા પરંતુ ટ્રાફિક પોલીસની સતર્કતાથી રૂ.૬હજાર તેમજ અગત્યના કાગળો તેના મૂળ માલિકને પરત મળ્યાં હતાં.

ગઈકાલે રાત્રે ગાંધીનગર ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા ફરજ બજાવતા એએસઆઇ કનુભાઈ, હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ તેમજ ડ્રાઈવર રાકેશભાઈએ પોતાની પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બનાવની વિગત મુજબ અમદાવાદના નરોડા ખાતે સૌરાષ્ટ્ર સોસાયટીમાં રહેતા કિરીટભાઈ મિસ્ત્રી નામના વ્યક્તિ ધોળકૂવાના સ્વામિનારાયણ મંદિર વિસ્તારમાં સુથારી કામ અર્થે એક ભાઈને મળવા માટે ગઈકાલે મોડી સાંજે આશરે સાડા સાત વાગે પોતાના સ્કુટર પર ગાંધીનગર આવ્યા હતાં. જ્યારે તેઓ સ્વામિનારાયણ મંદિર તરફ આવ્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો હતો કે તેમનું પર્સ ક્યાંય રસ્તામાં પડી ગયું છે જેમાં અગત્યના કાગળો સાથે રૂ.૧૩ હજાર રોકડા હતાં. પર્સ પડી જતાં કિરીટભાઈ આકુળવ્યાકુળ થઈ ગયાં હતાં અને ગાંધીનગરના રસ્તાઓથી અજાણ કિરીટભાઈએ ખોવાયેલું પર્સ પરત મળવાની આશા છોડી દીધી હતી. જોકે તેમના આશ્ચર્ય વચ્ચે તેમને ટ્રાફિક પોલીસ તરફથી એક ફોન આવ્યો હતો જેમાં તેમનું પર્સ મળ્યું હોવાની જાણ કરી પરત મેળવી લેવા બોલાવવામાં આવ્યાં હતા.

### કેવી રીતે પર્સ પરત મળ્યું?

આ ઘટનામાં જ્યારે કિરીટભાઇ મિસ્ત્રી કોબા સર્કલ પાસેથી પસાર થઈ રહ્યાં હતા ત્યારે તેમની પાછળ ગાંધીનગર ટ્રાફિકની ગાડી આવી રહી હતી. કિરીટભાઇને તેમનું પર્સ પડી ગયાની જાણ નહોતી પરંતુ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા એએસઆઇ કનુભાઈ, હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ તેમજ ડ્રાઈવર રાકેશભાઈએ રોડ પર પડી ગયેલા પર્સમાંથી રૂપિયા તેમજ કાગળો ઊડતાં જોયા હતા. આથી તેમણે તુરંત ગાડી ઉભી રાખી થોડીવાર માટે ટ્રાફિક અટકાવ્યો હતો અને રોડ પર ઉડતી નોટો અને અગત્યના કાગળો વીણી લીધા હતા. આ કાગળો પર લખેલા ફોન નંબરના આધારે તેમણે કિરીટભાઇને ફોન કરીને ઈન્દ્રોડા સર્કલ પાસે બોલાવીને પર્સ પરત કર્યું હતું. ટ્રાફિક પોલીસની કર્તવ્યનિષ્ઠા અને ઈમાનદારીને કિરીટભાઈએ બિરદાવી હતી.



ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વસંતપંચમી નિમિત્તે સેક્ટર-૪ પાસેના હડમતીયા છાપરાંમાં બાળકોને નોટબુક, બોલપેન અને ચોકલેટનું વિતરણ કરવામા આવ્યું હતું. જેમા ટ્રસ્ટ સભ્યો વિનોદ એસ મેણાત, સુરેશ એન મેણાત અને મહેન્દ્ર એન ભરાડાએ હાજરી આપી હતી.

# પીલવાઈ કોલેજમાં એનસીસી કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

પિલવાઈ કોલેજ માં તા.૮ થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન એનસીસી નો ઝછ્ઝ કેમ્પ યોજાઈ ગયો. કોલેજના બોટનીકલ ગાર્ડન-આનંદીવનના પ્રાકૃતિક



વાતાવરણમાં ત્રણ ટુકડી પાડી કોલેજના ૧૬૦ એનસીસી કેડેટ્સે સઘન તાલીમ લીધી હતી. આ કેમ્પમાં કેડેટ્સને ડ્રીલ, મેપ રીડિંગ તથા વેપન ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઉપરાંત એનસીસી બી તથા સી સર્ટિફિકેટ અંગેનું સઘન માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન ૧૪ં બટાલિયન, એનસીસી, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્‌ઘાટન કરતા એડમ ઓફિસર, લેફ્ટનન્ટ કર્નલ ગોપાલ ત્રિપાઠી દ્વારા વિદ્યાર્થીઓને એનસીસી તથા સાંપ્રત પરિસ્થિતિ માં સોશિયલ મીડિયાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કેમ્પમાં એક સુબેદાર, ચાર નાયબ સુબેદાર તથા ત્રણ હવાલદાર સુંદર ફરજ બજાવી કેડેટ્સને સરસ તાલીમ આપી હતી.

પીલવાઈ પીએચસીના ડૉ. રાજીવ દરજી તથા તેમની ટીમ દ્વારા તમામ કેડેટ્સનાં કોરોના રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.સમગ્ર તાલીમ દરમ્યાન કોરોનાની ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું.

કેમ્પના અંતિમ દિવસે સમગ્ર સ્ટાફની હાજરીમાં યોજાયેલા પુર્ણાહુતી સમારોહમાં ૧૪ જેટલા કેડેટ્સને વિવિધ રેક્ક દ્વારા સન્માનિત કરાયા હતા. આચાર્ય ડો સંજય શાહે તમામ કેડેટ્સને પ્રોત્સાહિત કરતાં મિલેટ્રી પેરામિલેટ્રી તથા પોલીસ વિભાગમાં ભરતી દરમિયાન એનસીસી ના બી અને સી સર્ટિફિકેટ આ અંગે નું મહત્વ સમજાવ્યું હતું અને એનસીસી સ્ટાફનો આભાર માન્યો હતો. એડમ ઓફિસર, લેફ્ટનન્ટ કર્નલ ગોપાલ ત્રિપાઠીએ શિસ્ત અને નિયમિતતાનું મહત્વ સમજાવી કેડેટ્સના જોશ અને ઉત્સાહને બિરદાવ્યા હતા. સમગ્ર કેમ્પનું સંચાલન તથા વ્યવસ્થા કોલેજના એનસીસી લેફ્ટનન્ટ ડો એચ.એમ. અન્ટ લેફ્ટનન્ટ જિજ્ઞાસા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના નવા ૫ હજાર પોલ્સ નાંખવામાં આવશે

**ટી પી વિસ્તારમાં માર્ગ નિર્માણની કામગીરીના અંતે હવે અજવાળુ પથરાય તે માટે નવા થાંભલા નાંખવાનુ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૬

ગુડા વિસ્તારમાં વિકાસના વિવિધ કામો તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. એકબાજુ નવા આવાસો તૈયાર કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાઈ છે. ત્યારે રહેણાંક વધતા ગુડાના વિકસિત ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવી રહ્યો છે. જેમાં પાણી ગટર અને રસ્તા ઉપરાંત હવે સ્ટ્રીટ લાઇટના કામો પણ હાથ ધરાશે. ગુડા વિસ્તારમાં અંદાજિત ૫ હજાર સ્ટ્રીટ લાઇટના નવા પોલ નાંખવામાં આવશે.

ગુડા વિસ્તારમાં વિકાસના વિવિધ કામોની સાથે માળખાગત સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુડાના વિકસિત ટી પી વિસ્તારમાં પાણી , ગટર રસ્તા અને સ્ટ્રીટ લાઇટના કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. ગુડા સમાવિષ્ટ વિસ્તારમાં ગ્રીન સીટીના કન્સેપ્ટને ધ્યાને લઈ ઉદ્યાનોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ગુડાના વિવિધ વિકસિત ટી પી વિસ્તારમાં હવે સ્ટ્રીટ લાઇટો નવી નાંખવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે. જે ટી પી વિસ્તારમાં રસ્તાઓનુ નિર્માણ થઈ ગયુ છે. તે જગ્યાએ નવા પોલ્સ નાંખવામાં આવશે. ગુડા વિસ્તારમાં અંદાજિત ૫ હજાર સ્ટ્રીટ લાઇટના નવા પોલ્સ નાંખવામાં આવશે.

રાત્રિ દરમિયાન માર્ગો પર યોગ્ય અજવાળુ પથરાય તે માટે નાગરિકોની સલામતીને ધ્યાને લઇ વિવિદ ટીપી વિસ્તારમાં અંદાજિત ૫ હજાર જેટલા નવા પોલ્સ નાંખવામાં આવશે. ગુડા સમાવિષ્ટ વિસ્તારમાં નવા થાંભલા નાંખવા માટે ટેન્ટર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. આગામી દિવસોમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા નાંખવાનુ કામ શરૂ પણ કરી દેવાશે. ગાંધીનગરના સેકટરોની જેમ હવે ગુડા વિસ્તારમાં પણ વસતીનુ પ્રમાણ વધ્યુ છે.

નવા વિકસિત ટી પી વિસ્તારમાં વિકાસના બદલાતા આયામો વચ્ચે રહેણાંક વધતા નવી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે. ત્યારે એકબાજુ પાણી ગટરના કામોને પણ વેગ આપવા આયોજન કરાયુ છે. ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઇન ઉપરાંત હવે સ્ટ્રીટ લાઇટની કામગીરી પણ હાથ ધરાશે. ત્યારે શહેરના તમામ સેકટરોમાં પણ સ્ટ્રીટ લાઇટના નવા થાંભલા નાંખવા માટે કામગીરી હાથ ધરાય તેવી માંગ પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે.



ગાયત્રી પરિવાર સેકટર-૧ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૪ બોટલ રકત એકત્ર થયું હતું.

# એસ.ટી. ડેપોમાં લાંબા સમય બાદ પાર્કીંગ સેવા શરૂ કરાઈ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં લાંબા સમય બાદ પાર્કીંગ શરૂ કરી દેવાયુ છે. કોરોના કાળમાં લોકડાઉનના અંતે ડેપો સંકુલમાં પાર્કીંગ સેવા બંધ કરી દેવામાં આવી હતી જેના લીધે મુસાફરોને પણ હાલાકી વેઠવી પડતી હતી જયારે ડેપો સંકુલમાં આડેધડ વાહનો પણ જોવા મળતા હતા જયારે હવે એસ ટી સેવાના પૈડા પણ ટ્રેક પર ચઢી ગયા છે. એસ ટી બસમાં પણ પુરતો ટ્રાફિક જોવા મળે છે. ત્યારે પાર્કીંગ સેવા શરૂ કરવાનુ અનિવાર્ય બન્યુ હતુ જેને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા પે પાર્કીંગ શરૂ કરી દેવાયુ છે.

એસ ટી બસમાં ગાંધીનગર થી અમદાવાદ અપડાઉન કરનારાઓની સંખ્યા પણ વિશેષ હોય છે ત્યારે ડેપો સંકુલમાં સ્થિત પાર્કીંગમાં વાહન પાર્ક કરી અપડાઉન કર્તાઓ બસમાં બેસી જતા હતા પરંતુ અત્યાર સુધી પાર્કીંગ બંધ હોવાના લીધે મુસાફરોને પણ હાલાકી વેઠવી પડતી હતી. કોરોનાના કપરા કાળમાં પાર્કીંગ સેવા બંધ હોવાથી પાર્કીંગ ક્યાં કરવુ તે પ્રશ્ન પણ મુખ્ય બન્યો હતો જયારે હવે બસ સેવા પણ અગાઉની જેમ ધમધમતી થઈ ગઈ છે. ત્યારે પાર્કીંગ પણ શરૂ કરી દેવાયુ છે.

# ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં કન્હૈયાલાલ મહારાજની ધર્મ સાંસદ તરીકેની પુનઃ નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૬

જગદગુરૂ શંકરાચાર્ય સ્વરૂપાનંદજી સરસ્વતી મહારાજના આશિષ સાથે જ્ઞાનેય આશ્રમ, મુ. સાગોસરા, જિ. ભાવનગર ખાતે મહંત નિરૂબાપુની ઉપસ્થિતિમાં પરમ ધર્મ સંસદ ૧૦૦૮ના ગુજરાત એકમનું પ્રથમ સંમેલન ગુજરાતના બધા જ ધર્મસાંસદો, સંતો, કથાકારો અને ભક્તોની ઉપસ્થિતિમાં સંપન્ન થયુ. જેમાં હવે પછીના વર્ષના કાર્યક્રમો ગૌ વધ રોકવા, લવ જેહાદ, લીચીંગ જેવા પ્રશ્નો તથા ધર્માતંરણ રોકવા અને સનાતન ધર્મને થતુ નુકસાન રોકવા માટેની ભાવસભર અને વિસ્તૃત ચર્ચાઓ થઈ.

આ પ્રસંગે એક ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યુ જેમાં



ડીસાના ધર્મસાંસદ કિશોરભાઈ શાસ્ત્રીએ પરમ ધર્મ-સંસદ-૧૦૦૮ની રચના અને કાર્યો વિશે છણાવટ કરી. લોક સાહિત્યકાર અને કથાકાર કન્હૈયાલાલજી મહારાજે કહ્યુ કે ધર્માંતરણ થતુ અટકાવવુ જોઈએ અને આપણે ચુસ્તપણે સનાતન ધર્મનું પાલન કરવું જોઈએ. ઉપસ્થિત તમામ વક્તાઓએ પોતાના પ્રવચનમાં સનાતન ધર્મની જાળવણી માટે અનુરોધ કરેલ તેમજ જે ધર્મસંસદો પોતાના સમય ફાળવી શકતા ન હતા જે તેઓની જગ્યાએ નવા ધર્મસાંસદોની નિમણુંક આપી બાકીના તમામ ધર્મ સાંસદોની પુનઃ નિયુક્તિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂ. વિક્રમગીરીબાપુએ કર્યુ અને આભારવિધિ વિશ્વાનંદજી માતાએ કરી.

# અધિકારીના કામગીરી મૂલ્યાંકન અહેવાલ ફરજિયાત ઓનલાઈન

ગાંધીનગર,તા.૧૬

સરકારના ક્લાસ-૧ અને ક્લાસ-૨ અધિકારીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાકન અહેવાલની કામગીરી ફરજિયાત ઓનલાઈન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ક્લાસ-૧ અને ક્લાસ-૨ અધિકારીઓનો સાથી સોફ્ટવેરમાં સમાવેશ કરી દેવાયો છે અને આ તમામ અધિકારીના વાર્ષિક મૂલ્યાંકન સાથી પોર્ટલ ઉપર ઓનલાઈન હાથ ધરાઈ છે. સરકાર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે, જો વાર્ષિક મૂલ્યાકનની કામગીરી ઓનલાઈન કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં તે સંબંધિત કોઈ પણ વહીવટી કે કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે. ઉચ્ચ અધિકારીઓના મૂલ્યાંકન રિપોર્ટમાં જ નિયમાનુસાર કામગીરી નથી થયેલી હોવાનું જણાતા જીએડી દ્વારા એવી સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, સચિવાલયના વહીવટી વિભાગો હેઠલ જેટલા પણ અધિકારીઓ છે તેમના વાર્ષિક મૂલ્યાંકન અહેવાલની કાર્યવાહી ફરજિયાતપણે સાથી પોર્ટ ઉપર જ ઓનલાઈન હાથ ધરવાની રહેશે.

આ ઉપરાંત તેની સામે ફિઝિકલ ફોર્મમાં અહેવાલ લખવા અંગેની મંજૂરી આપવાની કોઈપણ દરખાસ્ત સુધ્ધાં જીએડીને કરી શકાશે નહી. આ સંબંધી કામગીરી જીએડી કે એચઆરએમએસ સેલ સાથે રહીને તાત્કાલિક ધોરણ પૂર્ણ કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી મુજબ તાજેતરમાં એવું ધ્યાનમાં આવ્યું છે કે, સચિવાલયના વહીવટી વિભાગો હસ્તકના કેટલાક ઉચ્ચ અધિકારીના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ હજૂ પણ ઓનલાઈનના બદલે ઓફલાઈન એટલે કે, ફિઝિકલ ફોર્મમાં જ કરાય છે.

# ટ્રાફિક-ક્રોસિંગ મુક્ત શહેરના વચનોની ભાજપની લહાણી

અમદાવાદ, તા. ૧૬

કોર્પોરેશનની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બચ્યા છે, ત્યારે ભાજપે આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો છે. ટ્રાફિક સમસ્યા અને રેલવે ક્રોસિંગ મુક્ત અમદાવાદનો નિર્ધાર વ્યક્ત કરતા પક્ષ દ્વારા રાહદારીઓ માટે ફુટ ઓવર બ્રિજ, નવા ફ્લાય ઓવર-અંડરપાસ, દબાણમુક્ત રસ્તા, પાર્કિંગ કોમ્પ્લેકસની સંખ્યા વધારવાનું વચન આપવામાં આવ્યું છે.

શહેરીજનોને મળી રહેલી આરોગ્યની સુવિધા વધારવા માટે ૧૦૦ બેડની સ્પેશિયાલિટી હોસ્પિટલ, પૂર્વમાં અદ્યતન હોસ્પિટલ, અર્બન હેલ્થ સેન્ટર્સનું મોર્ડનાઈઝેશન, સિનિયર સિટિઝન માટે નિયમિત હેલ્થ ચેકઅપની યોજના, શ્રમજીવીઓ માટે હેલ્થ ચેકઅપ, હાલની હોસ્પિટલોના બેડની સંખ્યામાં ૫૦૦નો વધારો, ધન્વંતરી રથ, મેડિકલ વાન તેમજ એલજી હોસ્પિટલને અદ્યતન બનાવવાની સાથે પક્ષે નવા પશ્ચિમ વિસ્તારમાં અદ્યતન હોસ્પિટલનો પ્રારંભ કરવાની વાત કરી છે.

અમદાવાદીઓ શુદ્ધ હવામાં શ્વાસ લઈ શકે તે માટે ભાજપે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ વધારવા, મિશન મિલિયન ટ્રી કાર્યક્રમ, અર્બન ફોરેસ્ટ ડેવલપ કરવાની સાથે સાઈકલનો વપરાશ વધારવા, ગ્રીન બિલ્ડિંગનો કોન્સેપ્ટ અમલી કરવા, સોલાર પાવરને અગ્રિમતા આપવા તેમજ શહેરના જંક્શનો પર એર પ્યોરિફાયર ટાવર મૂકવા, કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ, ટ્રાફિક સિગ્નલોને સ્માર્ટ બનાવવાનો ઉલ્લેખ ભાજપે પોતાના સંકલ્પ પત્રમાં કર્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ ૧૦ કેસ કોરોનાના નોંધાયા છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે હરિફ ઉમેદવારોની યાદી બન્યા બાદ હવે પોસ્ટલ બેલેટની કામગીરી હાથ પર લેવામાં આવશે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે રાજકીય આગેવાનો સતત દોડતા રહ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈ પ્રદેશ અને કેન્દ્રીય નેતાઓના પ્રવાસોનું આયોજન બન્ને મુખ્ય પક્ષો દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.
- રાજયના મુખ્યમંત્રીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી આજે મંગળવારના દિવસે પણ સચિવાલયમાં આવવાનું મુલાકાતીઓ અને ધારાસભ્યોએ ટાળ્યુ હતુ.
- કોરોના વેક્સીનેશન અને સંક્રમણની સ્થિતિની સમીક્ષા માટે આજે રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ સવારે ૧૧ વાગે વિડીયો કોન્ફરન્સ કરશે.

# ત્રિપુરાથી નીકળેલી સદ્‌ભાવના યાત્રાને ગાંધીનગરમાં આવકાર

ગાંધીનગર, તા. ૧૬

ભારતના ઉત્તર પૂર્વીય રાજ્ય ત્રિપુરાની સુવર્ણજયંતી પ્રસંગે અગરતલાથી દેશભરની



સદ્‌ભાવના યાત્રાનું આયોજન કરાયુ છે. આ યાત્રા ગાંધીનગર આવી પહોંચતા તેને આવકારવાનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મેયર રીટાબેન પટેલ, યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતા સહિત વિવિધ ક્ષેત્રના અને સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અગરતલાથી તા. ૨૭મી ડિસેમ્બરે નીકળેલી આ સદ્‌ભાવના યાત્રા એનઆઈએફએએના યુવા વિકાસ કેન્દ્ર દ્વારા આયોજિત કરવામાં આવી છે જેનો ઉદ્દેશ રાષ્ટ્રીય એકત્રીકરણ, શાંતિ, સંવાદિતા, આત્મનિર્ભરતા સાથે કલા-સંસ્કૃતિ અને પર્યટનને પ્રોત્સાહન આપવાનો છે. યાત્રા દેશના ૨૮ રાજ્યો અને પાંચ કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લેતા ૨૦ હજાર કિમીને સાંકળી લેશે જેમાં ૧૫ જેટલા રાઈડર્સ જોડાયાં છે.

# ગાંધીનગરના દિવ્યાંગ એથ્લેટનું આંતરરાષ્ટ્રીય સ્તરે યશસ્વી પ્રદર્શન

કેએસવી સંલગ્ન એ.એ. પટેલ કોમર્સ કોલેજના દિવ્યાંગ ખેલાડી પ્રણવ દેસાઈએ દુબઈ ખાતે તાજેતરમાં યોજાયેલી ૧૨મી ફાઝ્ઝા ચેમ્પિયન સીપની વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ-૨૦૨૧માં ભાગ લઈને ૨૦૦ મીટરની દોડ માત્ર ૨૪.૯૬ સેકન્ડમાં પુરી કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ જીત્યો છે. આ સાથે તેમણે ૧૦૦ મીટર દોડ ૧૧.૭૧ સેકન્ડમાં દોડીને સિલ્વર મેડલ જીત્યો હતો. તેમના યશસ્વી પ્રદર્શનથી કોલેજ, યુનિવર્સિટી સહિત દેશનું નામ રોશન કરવા બદલ તેમનો કેએસવીના પ્રમુખ વલ્લભભાઈ પટેલ, કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા તથા સ્પોર્ટસ ઈન્ચાર્જ ડૉ. રણછોડ રથવી સહિત કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સે. ૨ ૩ના સરકારી દવાખાનામાં માત્ર એક જ વ્યક્તિનો સ્ટાફ..!!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાના સેક્ટર-૨૩માં સરકારી દવાખાનામાં માત્ર એક જ વ્યક્તિનો સ્ટાફ હોવાની ફરિયાદ સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુક્લ દ્વારા કરવામાં આવી છે. સરકારી દવાખાનામાં સ્ટાફના અભાવે એક જ વ્યક્તિ દ્વારા તમામ કામગીરી કરવામાં આવતી હોવાથી દર્દીઓના સમયના વેડફાટ સાથે દર્દીઓને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. આ બાબતે સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુક્લ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો.નિયતીબેન લાખાણીને પત્ર લખી દવાખાનામાં સત્વરે સ્ટાફ નર્સની નિમણૂંક કરી સેવા પુરી પાડવા માંગ કરવામાં આવી છે.



વરસાદ બાદ ઘણા સેકટરોમાં ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા હતા. તડકો પડતાં આ ઝાંડી ઝાંખરા સુકાઈ ગયા છે. હવે તેને કાઢવાની કામગીરી ચાલી રહી છે. સેકટર-૫માં કોંગ્રેસના કોર્પોરેટર રાકેશભાઈ પટેલે સેકટરમાં વિવિધ સ્થળોએ પડેલા ખાડા પુરાવ્યા હતા અને ઝાડી ઝાંખરા દૂર કરાવી સફાઈ કરાવી હતી.